# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-06-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : SATURDAY** **Regional News**

**આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર હિના મોદી વાંચે છે.**

****************************************************

1) રાજ્યમાં છેલ્લા 10 વર્ષમાં 48 લાખ 98 હજારથી વધુ ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ઉપજની ખરીદી કરાઇ.

2) રાજ્યના ઔદ્યોગિક વિકાસને નવી દિશા આપવા 15 જૂને નવી ઔદ્યોગિક નીતિ 2026નું અનાવરણ કરાશે.

3) કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવીયાએ કહ્યું, છેલ્લા 12 વર્ષમાં દેશનું અંદાજપત્ર બમણું જ્યારે કરમાં ઘટાડો થયો.

4) વિદેશ મોકલવાને બહાને 2 કરોડ 27 લાખ રૂપિયાની છેતરપિંડી કરનાર દંપતીની અમદાવાદથી ધરપકડ.

5) સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતનાં કેટલાક જિલ્લામાં આજે વરસાદની આગાહી.

6) પ્રથમ ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ 2026માં ધ્યેય જાની ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યો.

…………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# STATE MSP

રાજ્યમાં છેલ્લા 10 વર્ષમાં 48 લાખ 98 હજારથી વધુ ખેડૂતો પાસેથી ટેકાના ભાવે 65 હજાર 570 કરોડના મૂલ્યની ઉપજની ખરીદી કરવામાં આવી છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા મુજબ સરકારે ખેડૂતો પાસેથી એક કરોડ 5 હજાર મેટ્રિક ટન જેટલી ઉપજ ખરીદી છે. જેમાં  મગફળી અને કપાસના ખેડૂતોને સૌથી વધુ ફાયદો થયો છે. 52 લાખ 48 હજાર મેટ્રિક ટન મગફળીની ખરીદી કરીને ખેડૂતોને 31 હજાર 941 કરોડની ચૂકવણી કરવામાં આવી છે. જ્યારે 25 લાખ 23 હજાર મેટ્રિક ટન કપાસની ખરીદી કરીને ખેડૂતોને 17 હજાર 759 કરોડનું ચૂકવણું કરાયું છે. લઘુત્તમ ટેકાના ભાવમાં 54 થી 127 ટકા સુધીનો વધારો અપાયો છે.

# PM 12 YEARS

કેન્દ્રમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ સેવા, સુશાસન અને જનકલ્યાણને સમર્પિત સફળ 12 વર્ષ પૂર્ણ થવાના અવસરે રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમ યોજાઇ રહ્યા છે. ત્યારે આજે રાજ્યના નાણાં મંત્રી કનુ દેસાઈ અને આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલના હસ્તે વલસાડ જિલ્લાના ધરમપુરમાં વિલ્સન હિલ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો. બોટાદ માર્કેટિંગ યાર્ડ ખાતે આજે પ્રભારી મંત્રી રિવાબા જાડેજાની હાજરીમાં જન કલ્યાણ શિબિર યોજાઇ જેમાં વિવિધ યોજનાના 30 લાભાર્થીઓને લાભ અપાયો. શ્રીમતી જાડેજાએ વધુને વધુ લોકોને સરકારની યોજનાનો લાભ લેવા અનુરોધ કર્યો.

**(BYTE: RIVABA JADEJA – MINISTER)**

ડાંગ જિલ્લાના આહવા ખાતે રાજ્ય મંત્રી ડૉ. જયરામ ગામીતના અધ્યક્ષ સ્થાને 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન' યોજાયું. તેમણે કહ્યું, કેન્દ્ર અને રાજ્ય સરકારના પ્રયાસોથી જિલ્લામાં તાપી-ડાંગ બલ્ક પાઇપલાઇન યોજના, સાપુતારાનો પ્રવાસન વિકાસ અને જળ સંરક્ષણ માટે ચેકડેમોના નિર્માણ જેવા અનેક ઐતિહાસિક કાર્યો પ્રગતિમાં છે.

જ્યારે નવસારીમાં યોજાયેલા કાર્યક્રમમાં સાતેમ, બિગરી અને ખૂંધ બેઠક વિસ્તારના ગામોના નાગરિકોને આજે વિવિધ સરકારી યોજનાઓનો લાભ અપાયો.

# PM SWAMITVA

સ્વામિત્વ યોજનાના બીજા તબક્કામાં ગુજરાત દેશમાં પહેલા ક્રમે રહ્યું છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા મુજબ દેશના અડધાથી વધુ પ્રોપર્ટી કાર્ડ માત્ર ગુજરાતમાં બન્યા છે. યોજનાના બીજા તબક્કામાં સમગ્ર દેશમાં 32 લાખ 35 હજાર પ્રોપર્ટી કાર્ડ તૈયાર થયા, જેમાં ગુજરાતે વિક્રમજનક 18 લાખ 50 હજાર કાર્ડ તૈયાર કરીને નોંધપાત્ર સિદ્ધિ મેળવી છે. જેમાં મહેસાણા અને અમદાવાદ જિલ્લાઓ આગળ છે. રાજ્યમાં 14 હજાર 900 ડ્રોન ફ્લાઇટ્સ દ્વારા 11 હજાર 511 ગામોનું સચોટ મૅપિંગ અને પ્રમોલગેશન પૂર્ણ કરાયું.

# SANGHVI SURAT START-UP

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે સુરતમાં 5મા સ્ટાર્ટઅપ સમિટમાં ઉપસ્થિત રહ્યા. તેમણે વિવિધ સ્ટોલની મુલાકાત લીધી અને નવીન વિચારો દર્શાવતા યુવા ઉદ્યોગસાહસિકો સાથે વાતચીત પણ કરી. શ્રી સંઘવીએ કહ્યું, સુરત શહેર એક એવી જગ્યા છે જ્યાં લોકોના સપના સાકાર થાય છે. તેને મીની ઇન્ડિયા તરીકે ઓળખવામાં આવે છે.

# INDUSTRIAL POLICY

રાજ્યના ઔદ્યોગિક વિકાસને નવી દિશા આપવા 15 જૂને નવી ઔદ્યોગિક નીતિ 2026નું અનાવરણ કરાશે. ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે યોજાનારા વિશેષ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી રાજ્યના નવા ઔદ્યોગિક વિકાસ રોડમેપનું લોકાર્પણ કરશે.

નવી ઔદ્યોગિક નીતિમાં Ease of Doing Businessને વધુ સરળ બનાવવું, અદ્યતન ઉત્પાદન ક્ષમતાઓને પ્રોત્સાહન આપવું, MSME ક્ષેત્રને વધુ મજબૂત બનાવવું, ટેક્નોલોજી આધારિત ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા તેમજ ઉભરતા અને ઉચ્ચ વિકાસ સંભાવના ધરાવતા ક્ષેત્રોમાં રોકાણ માટે અનુકૂળ વાતાવરણ ઊભું કરવાના મુદ્દાઓને વિશેષ પ્રાધાન્ય અપાશે.

# MANDVIYA PM 12 YEARS

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવીયાએ કહ્યું, છેલ્લા 12 વર્ષમાં દેશનું અંદાજપત્ર બમણું જ્યારે કરમાં ઘટાડો થયો. કેન્દ્રમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકારના 12 વર્ષ પૂર્ણ થવાના અવસરે પોરબંદરમાં યોજાયેલી પત્રકાર પરિષદમાં તેમણે જણાવ્યું, દેશમાં આંતરમાળખા, સામાજિક સુરક્ષા અને રોજગાર ક્ષેત્રે પણ નોંધપાત્ર પરિવર્તન થયું. હવાઈમથક, માર્ગ અને રેલવે માળખાના વિસ્તરણથી દેશના માળખાકીય વિકાસને નવી દિશા મળી છે. તેમણે કૃષિ, મહિલા સશક્તિકરણ, વિદેશ નીતિ અંગે થયેલી પ્રગતિ પર પણ ભાર મૂક્યો.

**(BYTE: DR. MANSUKH MANDAVIYA - UNION MINISTER)**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

---

**DESK**

# MANDVIYA PORBANDAR

પોરબંદરના રાણાવાવમાં જાન્યુઆરી-2027માં રેલવે યાર્ડનું ખાતમુહૂર્ત કરાશે. રાજ્યના બે દિવસના પ્રવાસે આવેલા કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ આજે પોરબંદરમાં આ જાહેરાત કરી હતી. તેમણે કહ્યું, પોરબંદરમાં દેશનું પ્રથમ ફર્નિચર પાર્ક સ્થાપિત થાય તે દિશામાં પણ પ્રયાસો ચાલી રહ્યા છે. આ સંદર્ભે આજે ફર્નિચર એક્સ્પોનું આયોજન કરવામાં આવ્યું છે, તેમણે ઉમેર્યું કે પોરબંદર-અમદાવાદ વાયા મુંબઈ હવાઈ સેવાને મંજૂરી મળી ગઈ છે અને 25 જૂનથી આ ફ્લાઇટ સેવા શરૂ થશે.

# AHMEDABAD EOW

અમદાવાદ આર્થિક ગુના નિવારણ શાખાએ વિદેશી મોકલવાને બહાને 2 કરોડ 27 લાખ રૂપિયાની છેતરપિંડી કરનાર દંપતીની ધરપકડ કરી છે. આ અંગે ACP મનોજ ચાવડાએ જણાવ્યું કે દંપતીની કરોડોની સંપત્તિ પણ જપ્ત કરવામાં આવી છે.

**(BYTE: MANOJ CHAVDA, ACP)**

# VADODARA HYBRID CANNABIS

સીઆઈડી ક્રાઈમના માદક પદાર્થ વિરોધી કાર્ય દળે ચોક્કસ બાતમીના આધારે વડોદરા શહેરના અલકાપુરી વિસ્તારમાં આવેલા એક ફ્લેટ પર દરોડો પાડીને 86 લાખ રૂપિયાથી વધુની કિંમતનો હાઇબ્રિડ ગાંજો જપ્ત કર્યો છે

સત્તાવાર યાદી મુજબ, જેતલપુર રોડ પર આવેલા વાત્સલ્ય ફ્લેટમાં નશીલા પદાર્થોનું વેચાણ અને સંગ્રહ કરવામાં આવ્યો હોવાની બાતમી મળતા અધિકારીઓએ દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન, અધિકારીઓને અઢી કિલોગ્રામ હાઇબ્રિડ ગાંજો મળી આવ્યો હતો, જેની અંદાજિત કિંમત 86 લાખ 31 હજાર રૂપિયા થાય છે. તપાસકર્તાઓને ત્યાંથી ઈલેક્ટ્રોનિક વજન કાંટો, રોકડ ગણવાનું મશીન અને 3 લાખ 36 હજાર રૂપિયા રોકડ પણ મળી આવ્યા હતા. આમ, જપ્ત કરાયેલ મુદ્દામાલની કુલ કિંમત 89 લાખ 69 હજાર રૂપિયા હોવાનું અંદાજવામાં આવ્યું છે. આરોપી હાલ ફરાર છે.

# WEATHER FC

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતનાં કેટલાક જિલ્લામાં આજે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર અમરેલી, ભાવનગર અને સુરત તાપી સહિતના જિલ્લામાં આજે વરસાદની શક્યતા છે. આવતીકાલે ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, તેમજ દાહોદ અને મહિસાગરમાં પણ હળવા વરસાદની શક્યતા હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું.

(BYTE: PRADEEP SHARMA, SCIENTIST)

# TABLE TENNIS

અમદાવાદના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે આજે યોજાયેલી પ્રથમ ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ 2026માં પુરુષ સિંગલ્સમાં અરવલ્લી બિનક્રમાંકિત પેડલર ધ્યેય જાનીએ ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કરીને ટુર્નામેન્ટનો સૌથી મોટો અપસેટ સર્જ્યો હતો. એક રોમાંચક મુકાબલામાં, ધ્યેય જાનીએ સુરતના પાંચમા ક્રમાંકિત અયાઝ મુરાદને હરાવ્યો હતો. જાનીએ 14-12, 5-11, 8-11, 11-6, 11-8ના સંઘર્ષપૂર્ણ વિજય સાથે અયાઝને હરાવીને પ્રિ ક્વાર્ટર મેચમાં શાનદાર વિજય હાંસલ કર્યો હતો.

# "SAVE THE FARM" CAMPAIGN

ખેડૂતો પ્રમાણસરનો ખાતર વપરાશ કરે અને પોતાની જમીન, પાણી અને પર્યાવરણને બગડતું અટકાવે તે માટે “ખેત બચાવો” અભિયાન ચલાવવામાં આવી રહ્યુ છે. આ અભિયાન અંતર્ગત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા છેલ્લાં 10 દિવસથી છોટાઉદેપુર જીલ્લાના અલગ અલગ તાલુકામાં 20 થી વધારે ગામોમાં 2 હજારથી પણ વધારે ખેડૂતોએ આ અભિયાનમાં ભાગ લીધો છે. જેમાં વૈજ્ઞાનિકો અને અધિકારીઓ દ્વારા રાસાયણિક ખાતરનો સંયમપૂર્વક તેમજ જમીન ચકાસણી આધારિત અને કૃષિ યુનિવર્સિટીની ભલામણોને આધારે ઉપયોગ કરવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.